eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 175
January 09, 2009

## સ્મીમેર હોસ્પિટલની ડિસેમ્બર માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ડિસેમ્બર માસ દરમ્યાન ૧૨૭૩૯ ઈન્ડોર તથા ૪૨૫૬૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૯૫૮ તથા ૬૬૦ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૯૪૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" સુરત શહેર રાંદેર ખાતે તા.૦૨–૦૧–૨૦૦૯ ના સવારે ૯–૩૦ કલાકે ગુજરાત ગેસ સર્કલ, સરદાર પુલ પાસે, આગમન



ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના સુરત શહેરના રાંદેરઝોનના ઈલેકશન વોર્ડ નં.૧, ૧૩ થી ૧૫ અને વોડં નં. ૩૮ માં તાઃ૦૨/૦૧/૨૦૦૯ ના રોજ આગમન કાર્યક્રમ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા મોરા ભાગળ ફાયર સ્ટેશન, રાંદેર, સુરત ખાતે સવારે ૧૦ઃ૩૦ કલાક થી ૦૨ઃ૦૦ કલાક દરમ્યાન વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ગુજરાત રાજયના સ્થાપનાની સુવર્ણ જયંતિની ઉજવણીના ભાગ રૂપે પ્રસ્થાન થયેલ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના સુરત શહેરના રાંદેરઝોનના ઈલેકશન વોર્ડ નં.૧, ૧૩ થી ૧૫ અને વોડં નં. ૩૮ માં તાઃ૦૨/૦૧/૨૦૦૯ ના રોજ આગમન કાર્યક્રમ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા મોરા ભાગળ ફાયર સ્ટેશન, રાંદેર, સુરત ખાતે સવારે ૧૦ઃ૩૦ કલાક થી ૦૨ઃ૦૦ કલાક દરમ્યાન વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ

ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ રથનું સુરત શહેર રાંદેર વિભાગમાં આજરોજ તા.૦૨–૦૧–૨૦૦૯ ના સવારે ૯–૩૦ કલાકે ગુજરાત ગેસ સર્કલ, સરદાર બ્રિજના નાકે, અડાજણ ખાતે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સ.ર. પટેલ મ્યુઝિયમમાં પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ.વ. પટેલ મ્યુઝિયમમાં મકર સંક્રાન્તી ને ધ્યાન માં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ.વ. પટેલ મ્યુઝિયમમાં મકર સંક્રાન્તી ને ધ્યાન માં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## ગુજરાત રાજય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી જયશ્રીબેન પટેલના અધ્યક્ષપદે મનપા ખાતે કાયદાકીય જાગૃતિ શિબિર



ગુજરાત રાજય મહિલા આયોગ ધ્વારા સમગ્ર ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ, પંચાયતોની ચૂંટાયેલી મહિલા સભ્યોને મહિલા વિષયક કાયદાકીય જાગૃતિ શિબિર ધ્વારા મહિલાઓને લગતા કાયદાઓથી અભિભૂત કરવાના પ્રયાસરૂપે સુરત મહાનગરપાલિકા ખાતે તા.૬.૧.૨૦૦૯ના રોજ ગુજરાત રાજય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી જયશ્રીબેન પટેલના અધ્યક્ષપદે કાયદાકીય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સ્મીમેર હોસ્પિટલની ડિસેમ્બર માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ડિસેમ્બર માસ દરમ્યાન ૧૨૭૩૯ ઈન્ડોર તથા ૪૨૫૬૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૯૫૮ તથા ૬૬૦ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૯૪૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૩૪૪ અને જુના ૪૪૭ દર્દીઓ સહીત કુલ–૭૯૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૧૬૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૭૪ તથા આંખ વિભાગમાં ૩૨૫૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ–૧૦૯૩૩ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' સુરત શહેર રાંદેર ખાતે તા.૦૨–૦૧–૨૦૦૯ ના સવારે ૯–૩૦ કલાકે ગુજરાત ગેસ સર્કલ, સરદાર પુલ પાસે, આગમન



ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' નું પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ ઉજવણીના ભાગરૂપે સંકલ્પ ધ્વારા સ્વવિકાસથી સમાજ અને રાજયના વિકાસનો ઉમદા હેતુ સાકાર કરવા આ રથનું સુરત શહેર રાંદેર વિભાગમાં આજરોજ તા.૦૨–૦૧–૨૦૦૯ ના સવારે ૯–૩૦ કલાકે ગુજરાત ગેસ સર્કલ, સરદાર પુલ પાસે, આગમન થયેલ.

મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' નું મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ અને મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ના વરદહસ્તે શાસ્ત્રોકતવિધિ અનુસાર આ રથનું પૂજન કરી, સંકલ્પપત્ર અનુસાર ઉપસ્થિત મહાનુભાવો અને જાહેરજનતા પાસે શપથ લેવડાવવામા આવ્યા. મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદ્રસ્યોશ્રીઓ, જાહેર જનતા ધ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું.



''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ''ના કન્વીનરશ્રી અને મા. ધારાસભ્યશ્રી શ્રી નાનુભાઈ વાનાણીએ ત્રીજા ચરણમાં રથના સ્વાગત પ્રસંગે જણાવ્યું કે સને ૨૦૧૦ સુધીમાં ગુજરાત રાજય તમામ ક્ષેત્રમાં નં.૧ ના સ્થાને પહોંચે તેવી અભિલાષા વ્યકત કરી હતી.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' નું મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણે તેમના વકતવ્યમાં જણાવ્યું કે આ રથ ગુજરાત રાજયના ૧૫૦ કરતા વધારે મુખ્ય સ્થળેથી ફરતા ફરતા સુરતમાં આજરોજ ત્રીજા ચરણમાં પ્રવેશ કરેલ છે. પ્રજાજનો તરફથી આ રથનું ખુબ જ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ છે.



ત્યારબાદ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' ગુજરાત ગેસ સર્કલ, સરદાર પુલ પાસેથી પ્રસ્થાન કરી એલ. પી. સવાણી સ્કુલ સર્કલ, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ, થી વિદ્યાકુંજ સ્કુલ, પાલનપુર પાટીયા, ઝુલેલાલ મંદિર, રામનગર ચારરસ્તા, ટેકરાવાલા સ્કુલ સર્કલ, પાલનપુર પાટીયા, પ્રાઈમ આર્કેડ, આનંદ મહેલ રોડ, શ્રીનાથ ચોક, અડાજણગામ, પાસે પહોંચતા મહાનુભાવો તથા જુદી જુદી જગ્યાએ અંદાજે ૧૫૦૦૦ જેટલા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવવામાં આવ્યા. તેમજ લીધેલ સકંલ્પનો અર્થ સમજી હંમેશ માટે તેનું આચરણ કરવું જોઈએ.

'સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' ના સ્વાગત તથા યાત્રાના કાર્યક્રમ દરમ્યાન મા.ધારાસભ્યશ્રી શ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી કિશોરભાઈ વાંકાવાળા, ડે. મેયરશ્રી કિશોરભાઈ એસ. કાનાણી (કુમાર), સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષ નેતાશ્રી ભીમજીભાઈ વી. પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી, શ્રીપ્રવિણભાઈ નાયક, શ્રી અજયભાઈ ચોકસી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદ્રસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવેલ હતો.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના સુરત શહેરના રાંદેરઝોનના ઈલેકશન વોર્ડ નં.૧, ૧૩ થી ૧૫ અને વોડં નં. ૩૮ માં તાઃ૦૨/૦૧/૨૦૦૯ ના રોજ આગમન કાર્યક્રમ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા મોરા ભાગળ ફાયર સ્ટેશન, રાંદેર, સુરત ખાતે સવારે ૧૦:૩૦ કલાક થી ૦૨:૦૦ કલાક દરમ્યાન વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ગુજરાત રાજયના સ્થાપનાની સુવર્ણ જયંતિની ઉજવણીના ભાગ રૂપે પ્રસ્થાન થયેલ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના સુરત શહેરના રાંદેરઝોનના ઈલેકશન વોર્ડ નં.૧, ૧૩ થી ૧૫ અને વોડં નં. ૩૮ માં તાઃ૦૨/૦૧/૨૦૦૯ ના રોજ આગમન કાર્યક્રમ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા મોરા ભાગળ ફાયર સ્ટેશન, રાંદેર, સુરત ખાતે સવારે ૧૦:૩૦ કલાક થી ૦૨:૦૦ કલાક દરમ્યાન વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જે પ્રસંગે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ/ અધિકારીશ્રીઓ/ મ્યુ.સદસ્યશ્રીઓ, ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારી ડો.હેમંત એસ.દેસાઈ, કુટુંબ કલ્યાણ કેન્દ્રના મેડીકલ ઓફીસર(વર્ગ–૧), રાંદેરઝોનના ઝોનલ ચીફશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી,નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, રાંદેરઝોનના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી / કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા.

વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞો તથા રાંદેરઝોનના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો મોરાભાગળ ફાયર સ્ટેશન તથા આજુબાજુનાં વિસ્તારના ૧૮૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૨૦, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૪, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૨, ફિઝીશ્યન દ્વારા ૧૪૧, તથા સર્જન દ્વારા ૦૧, દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૧૪૧ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૧૮ ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૨૨ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન,એઈડઝ, ટી.બી.,મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧૧૫૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૭૫૦, ઓરલ પીલ્સ ૧૫ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી.૧૨૦૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિ.)ડો.આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ



ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' નું પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ રથનું સુરત શહેર રાંદેર વિભાગમાં આજરોજ તા.૦૨–૦૧–૨૦૦૯ ના સવારે ૯–૩૦ કલાકે ગુજરાત ગેસ સર્કલ, સરદાર બ્રિજના નાકે, અડાજણ ખાતે મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ અને મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદહસ્તે શાસ્ત્રોકતવિધિ અનુસાર આ રથનું પૂજન કરી, રાંદેર વિસ્તારમાં વોર્ડ નં.૧, ૧૩ થી ૧૫, તેમજ વોર્ડ નં૩૮ના નિર્ધારિત રૂટ મુજબ સરદાર પુલ પાસેથી પ્રસ્થાન કરી એલ. પી. સવાણી સ્કુલ સર્કલ, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ થી વિદ્યાકુંજ સ્કુલ, પાલનપુર પાટીયા, ઝુલેલાલ મંદિર, રામનગર ચારરસ્તા, ટેકરાવાલા સ્કુલ સર્કલ, પાલનપુર પાટીયા, પ્રાઈમ આર્કેડ, આનંદ મહેલ રોડ, શ્રીનાથ ચોક, અડાજણગામ, પાસે પહોંચતા મહાનુભાવો તથા જુદી જુદી જગ્યાએ પ્રયાણ કર્યુ હતું. તથા સ્ટેજ પર મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલે હાજર રહેલ સૌને સંકલ્પ લેવડાવ્યા હતા તથા રૂટ દરમિયાન વિવિધ મહાનુભાવો તથા જાહેર જનતાએ રથનું સ્વાગત કરી સંકલ્પ લેવડાવ્યા હતા.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' ના કાર્યક્રમ અંતર્ગત સાંજે ૬.૩૦ કલાકે જોગાણી નગર પાર્ટી પ્લોટ, જયોતિન્દ્ર દવે ઉદ્યાનની બાજુમાં, હનીપાર્ક રોડ, સુરત ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરી મંચસ્થ મહાનુભાવો ધ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

સ્વાગત પ્રવચન કરતા મા. શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે મંચસ્થ મહાનુભાવો તથા ઉપસ્થિત જાહેર જનતાનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે સુરત શહેરે ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજિક, આરોગ્ય અને પ્રવાસન ક્ષેત્રે ઉડીને આંખે વળગે તેવી નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. પરંતુ આ સફળતા પડાવ નથી, વિરામ નથી, દરેક સિધ્ધિ આગળની નવીન કૂચ માટેનું પ્રેરકબળ છે, વધુ શ્રેષ્ઠ બનવાના નકકર અભિગમ માટેનું એક કારણ છે. આ શ્રેષ્ઠતાના શિખર ભણીના પ્રયાણમાં સમગ્ર જનતાને ભાગીદાર બનાવવાનો ગુજરાત રાજયે આયોજન કરેલ છે. લોક ભાગીદારી દ્વારા પ્રજાજનોને સ્પર્શતા શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને તમામ ક્ષેત્રમાં વિકાસની પ્રક્રિયા અવિરત ચાલુ રહે તેવુ આયોજન હાથ ધરી પ્રજાજનોને તમામ સુવિધાઓ – સવલતોની પ્રાપ્તિ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ''ના આગમનને અનુલક્ષી સરકારશ્રીએ તા.૩૧–૧૨–૨૦૦૮ થી તા.૦૨–૦૧–૨૦૦૯ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા સરકારશ્રીએ સદર સુવર્ણ જયંતીને અનુલક્ષીને સૂચવેલ વિષય વસ્તુ મુજબના વિષયો ઉપર નિંબધ, ચિત્ર, વકતૃત્વ તથા વિનામૂલ્યે રોગ નિદાન કેમ્પ તેમજ વોલ પેઈન્ટિંગ સ્પર્ધા, સમુહ સફાઈ અભ્યિાન, સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ છે. વિવિધ સ્પર્ધાઓમાં આ વિસ્તારની તમામ શળાઓના સ્પર્ધકોએ ભાગ લઈ રાજયના વિકાસના સંકલ્પમાં પોતાનું યોગદાન પ્રદાન કરેલ છે. આ ઉપરાંત શહેરની આમ જનતા, વેપારીઓ, ડોકટરો, ગૃહિણીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરે સમાજના તમામ વર્ગોએ સંકલ્પ પત્રો ભરી રાજયના વિકાસમાં જનભાગીદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડેલ છે.

સ્વાગત પ્રવચન બાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ છે. આ વિસ્તારના અબાલ વૃધ્ધ નાગરિકો તરફથી પણ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. વિવિધ સ્પર્ધામાં વિજેતાઓને મંચસ્થ મહાનુભાવોના વરદહસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ.

સમારંભના મુખ્ય મહેમાન એવા ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળાએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યુ હતું કે આઝાદીના ૫૦ વર્ષ પૂર્ણ થયા બાદ લોકોમાં સ્વયંભુ માહોલ ઉભો થયો હતો. આ જ રીતે સને ૨૦૧૦માં ગુજરાત રાજયના સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થતા લોકોમાં સ્વંય જાગૃતિનો માહોલ ઉભો થયેલ છે. તેમજ આ પ્રસંગે ઉજવણી માટે લોકોમાં આતુરતા ઉભી થઈ છે. ગુજરાતની સુવર્ણ જયંતી નિમિત્તે ગુજરાતની પ્રજા અનેક પ્રકારના સંકલ્પ લઈ ગુજરાતને દેશના તમામ રાજયોમાં દરેક ક્ષેત્રમાં ઉચ્ચતમ શીખરે લઈ જવાના પ્રયાસરૂપે અથાગ પ્રયત્નરૂપ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' યાત્રા ના કાર્યક્રમ હેઠળ યથાયોગ્ય પ્રયાસ કરવામાં આવેલ છે. સંકલ્પ લઈ તેનુ પાલન કરવુ પણ જરૂરી છે. સુરત શહેરની પ્રજામાં આ અંગે અદમ્ય ઉત્સાહ દેખાય રહયો છે. જે બદલ શહેરની પ્રજા અભિનંદનને પાત્ર છે. સંકલ્પ લઈ ગુજરાતની અસ્મિતાને નુકશાન ન થાય, કલંક ન લાગે તે ધ્યાને લેવા અપીલ કરી હતી. માનસીક તૈયારીરૂપે ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' નિમિત્તે સંકલ્પનું પાલન થાય તે જરૂરી છે.સદર યાત્રા શ્રી જીવરાજ મહેતાની યાદમાં સૌ પ્રથમ અમરેલીથી ચાલુ કરેલ છે. સરકારના કાર્યમાં જનતાનો સાથ સહકાર મળશે તો યશના ભાગીદાર ગુજરાતની જનતા ગણાશે. ગુજરાત રાજયને ઔદ્યોગીક, કૃષી, આર્થિક રીતે સમગ્ર વિશ્વમાં આગળ લઈ જવા સરકાર કૃતનિશ્ચયી છે.

**Continue ...**



''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' યાત્રા ના કન્વીનર શ્રી અને મા. ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણીએ પ્રાસંગીક પ્રવચન કરતા જણાવ્યુ હતું કે ''સ્વર્ણિમ ગુજરાતનો સંકલ્પ અંગે નાગરિક તરીકે આપણને પ્રશ્ન થાય કે આ સકંલ્પ શું છે તે અંગે વિશદ છણાવટ કરી હતી. સમગ્ર ગુજરાતમાં ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' યાત્રા પરિભ્રમણ કરશે. સંકલ્પનો મર્મ સમજવો જરૂરી છે. સંકલ્પનો કોઈ વિકલ્પ નથી. દરેક ક્રાતીકારી કાર્યો પાછળ સકંલ્પ રહેલો છે. આઝાદીની લડતમાં પણ અનેક ભડવીરો ફનાહ થયા હતા ત્યારે પુજય મહાત્મા ગાંધીજીની આગેવાની હેઠળ તેમના સંકલ્પરૂપે દાંડીકૂચ ધ્વારા આઝાદી ન મળે ત્યાં સુધી સાબરમતિ આશ્રમ પાછા ન ફરવાના સંકલ્પને કારણે દેશને આઝાદી મળી હતી. સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પથી ભારતના રાજયોના રજવાડા એકત્ર થઈ દેશ સંગઠીત રહી શકયો. આ સંકલ્પનો સંદેશો લઈ મા. મુખ્યમંત્રીશ્રીએ ૨૦૧૦ સુધીમાં ૫૦ વર્ષ પૂર્ણ થતા સ્વર્ણીમ ગુજરાતની પરિકલ્પના અનુસાર સમૃધ્ધ શિક્ષિત, નિર્મળ, હરિયાળુ, આધુનિક, સલામત ગુજરાત માટે ૫.૫૦ કરોડ જનતાની જનભાગીદારી થકી ગુજરાતને ઉચ્ચતમ સ્થાને પહોંચાડવાનું જાહેર કર્યુ છે. આ સંદેશો લઈ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' યાત્રા ગુજરાતના તમામ સ્થળે ફરી આ સંદેશો લોકોને સાથે રાખી અમલીકરણ કરાશે. વ્યસનમુકિત જેવા સંકલ્પ થકી નીરોગી ગુજરાતનું નિર્માણ કરી શકાશે. બીનજરૂરી પાણી વેડફાય નહીં તેમજ શિક્ષક પોતાની જવાબદારી, મજુર પોતાની જવાબદારી અંગેનો સંકલ્પ કરી ગુજરાતને અગ્રીમતાના સ્થાને પહોંચાડી શકે.

સમારંભના પ્રમુખશ્રી મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતી વર્ષ ઉજવણીના ભાગ રૂપે આજ રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન કરવામાં આવ્યું છે. મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પરીકલ્પના અનુસાર ગુજરાત રાજયએ કરેલ પ્રગતિ પ્રજા સમક્ષ મુકવાના ઉમદા આશયથી આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત રાજયનો અનેક ક્ષેત્રોમાં વિકાસ થયો છે. સમાજની અને પ્રજાની રાજયવાર સરખામણી થાય ત્યારે ગુજરાતની પ્રજા સારી પ્રજા તરીકે ચારિત્રય–વ્યકિતત્વ રીતે પણ આગળ આવે તે જરૂરી છે. આજના કાર્યક્રમમાં સહભાગી થવા બદલ આનંદ વ્યકત કરી ગુજરાતની પ્રગતિ માટે સંકલ્પ કરી આગળ વધવા આહવન કર્યુ હતું. ત્યાર બાદ મા. મેયરશ્રીના વરદહસ્તે સંકલ્પપત્રનું વાંચન કરવામાં આવ્યુ હતું. સુરત મહાનગરપાલિકાના ચોમેર વિકાસને ધ્યાને લઈ અન્ય રાજયોના મેયરશ્રીઓની ટીમ સુરત શહેરની મુલાકાતે આવે છે. હાલમાં જ ઔરંગાબાદ શહેરના મેયરશ્રી એ સુરત શહેરની મુલાકાત વખતે તેમના ધ્વારા રૂા.૮૬૦/– માં પાણી પુરુ પાડવામાં આવે છે જયારે સુરત મહાનગરપાલિકા ફકત રૂા.૨૪૦/– માં પાણી પુરુ પાડે છે. ત્યારે સુરત શહેરની જનતાને પાણીનો ખોટો બગાડ ન કરવા આહવાન કરેલ હતું.

ત્યારબાદ વિવિધ શાળાઓ તથા સંસ્થાઓ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત વિવિધ કૃતિઓ રજૂકરી શ્રોતાઓના મનમોહી લીધા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ મશાલ યાત્રા તથા ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ આ વિસ્તારમાં કરવામાં આવી હતી.જેને વિશાળ સંખ્યામાં લોકોએ માણી હતી.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' અંતર્ગત મોરાભાગળ ફાયર સ્ટેશન, રાંદેર ખાતે વિનામુલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં અંદાજે ૧૯૦ જેટલા નાગરિકોએ સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. સવારે રથ યાત્રાના વિવિધ રૂટ પર ૧૫૦૦૦ લોકોએ સ્વાગત કરવા ઉમટી પડેલ હતી. જયારે મશાલ યાત્રામાં ૭૦૦૦ યુવાનોએ ભાગ લઈ સંકલ્પ લીધો હતો. અંદાજે ૧૦૦૦૦ જેટલા લોકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ માણ્યો હતો.

આ પ્રસંગે મા. મેયરશ્રી, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ''ના કન્વીનર અને મા. ધારાસભ્યશ્રી શ્રી નાનુભાઈ વાનાણી, તથા મા. ધારાસભ્યશ્રી, શ્રી કિશોરભાઈ વાંકાવાળા, અતિથિવિશેષશ્રીઓ મા. ડે. મેયરશ્રી કિશોરભાઈ એસ. કાનાણી (કુમાર), મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, શ્રી મુકેશ દલાલ, મા. નેતા શ્રી, શાસકપક્ષ,શ્રી ભીમજીભાઈ વી. પટેલ, કલેકટરશ્રી, શ્રી દિલીપ રાવલ,વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીગણ તેમજ પત્રકારમિત્રો, મહાનુભાવો, તથા વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સ.ર. પટેલ મ્યુઝિયમમાં પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ.વ. પટેલ મ્યુઝિયમમાં મકર સંક્રાન્તી ને ધ્યાન માં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત શહેર પતંગ માટે ખૂબ જાણીતું છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે પતંગનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની અને કાચ બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો વિશેની વિશેષ જાણકારી દર્શાવવામાં આવી છે. તારીખ ૦૬/૦૧/૨૦૦૯ થી તા. ૨૫/૦૧/૨૦૦૯ સુધી જાહેર જનતા માટે સ.વ. પટેલ મ્યુઝિયમમાં પ્રદર્શન ખુલ્લું રહેશે તેમજ સોમવારે અને જાહેર રજાઓના દિવસે બંધ રહેશે. પતંગ પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતા ને વિનંતી.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૦૫/૦૧/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) પ્રિલીમીનરી ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ) માં આવેલ રાધેશ્યામ સોસાયટીનાં સબ પ્લોટ નંબર ૬૦/સી ના મિલકતદારે સુરત મહાનગરપાલિકાની મંજુરી મેળવ્યા સિવાય ગ્રાઉન્ડ લેવલે અંદાજીત ૧૨૫૦ ચો.ફુટ નાં માપ વિસ્તારમાં ભરેલ કોમર્શીયલ હેતુ માટેનો સ્લેબ તા. ૦૫/૦૧/૨૦૦૮ રોજ તોડવામાં આવેલ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૦૬/૦૧/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૨) કોસાડ આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે આવેલ પાર્થ સોસાયટી સબ પ્લોટ નંબર ૮૫૮, ૮૫૯ અને ૮૬૦ ના મિલકતદારે સુરત મહાનગરપાલિકાની મંજુરી મેળવ્યા સિવાય ગ્રાઉન્ડ લેવલે અંદાજીત ૨૦૦૦ ચો.ફુટ નાં માપ વિસ્તારમાં આર.સી.સી. કોલમ અને ચણતર સહિતનું બાંધકામ તારીખ ૦૬/૦૧/૨૦૦૮ રોજ કતારગામ ઝોનનો શહેર વિકાસ તેમજ ગુજરાત હાઉસીંગ બોર્ડના સ્ટાફ સાથે સંયુકત રીતે કામગીરી કરીને તોડવામાં આવેલ છે.

TOP

# ગુજરાત રાજય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી જયશ્રીબેન પટેલના અધ્યક્ષપદે મનપા ખાતે કાયદાકીય જાગૃતિ શિબિર



ગુજરાત રાજય મહિલા આયોગ ધ્વારા સમગ્ર ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ, પંચાયતોની ચૂંટાયેલી મહિલા સભ્યોને મહિલા વિષયક કાયદાકીય જાગૃતિ શિબિર ધ્વારા મહિલાઓને લગતા કાયદાઓથી અભિભૂત કરવાના પ્રયાસરૂપે સુરત મહાનગરપાલિકા ખાતે તા.૬.૧.૨૦૦૯ના રોજ ગુજરાત રાજય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી જયશ્રીબેન પટેલના અધ્યક્ષપદે કાયદાકીય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકા ઉપરાંત સોનગઢ, વ્યારા, બારડોલી, માંડવી, તરસાડી તથા કનકપુર કનસાડ નગરપાલિકાની ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ ઉપરાંત સામાજીક સંસ્થાના પ્રતિનિધિઓની મોટી હાજરીમાં યોજાયેલી આ શિબિરને મહિલા આયોગના ચેરમેન શ્રી જયશ્રીબેન કે. પટેલ, મા.મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળા, ડે.મેયર શ્રી કિશોરભાઈ કાનાણી, કમિશનર શ્રી એસ. અપર્ણા, સરકારી વકીલ શ્રી નયનભાઈ સુખડવાળા, શ્રી કિશોરભાઈ રેવલીયા, એડવોકેટ શ્રી પ્રિતીબેન જોષી વિગેરેએ દીપ પ્રગટાવી ખુલ્લી મૂકી હતી.

હાજર રહેલા મંચસ્થ મહાનુભાવો તથા શિબિરાર્થીઓનું સ્વાગત કરતા કમિશનર એસ. અપર્ણાએ જણાવ્યું હતું કે સમાજમાં મહિલાની જવાબદારી એક સામાન્ય વ્યકિત તરીકેની નહિ પરંતુ કુટુંબની ખાસ વ્યકિત તરીકે એક જવાબદાર મહિલા તરીકેની ફરજો તેણે અદા કરવાની હોય છે. ગુજરાત રાજય મહિલા આયોગ ધ્વારા કાયદા વિષયક માહિતી આપતી આ અગત્યની શિબિરનું જયારે આયોજન થયું છે ત્યારે તમામ મહિલા સભ્યશ્રીઓ આ તકનો લાભ લઈને શિબિરની જાણકારી તેમના મતદાર મંડળની તમામ બહેનોને પણ આપશે તો આ શિબિર સાર્થક થયેલી ગણાશે તેમ જણાવી શિબિરને શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

મા.મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે મહાનગરપાલિકા કે નગરપાલિકાના ચૂંટાયેલ સભ્ય તરીકે જયારે એક મહિલા હોય ત્યારે આવા મહિલા પ્રતિનિધિઓની સમાજ પ્રત્યેની જવાબદારીઓ અનેકગણી વધી જાય છે. મહોલ્લા કે પોતાના વિસ્તારમાં રોજ બરોજ ઘણી સમસ્યાઓ ઉપસ્થિત થતી હોય છે ત્યારે કાયદાની પ્રાથમિક જાણકારી હોય તો પણ ઘણાં બધા કિસ્સામાં મદદરૂપ થઈ શકાય છે તેમ જણાવી શિબિરને સફળતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

મહિલા આયોગના ચેરમેન શ્રી જયશ્રીબેન પટેલે મનનીય પ્રવચન કરતા જણાવ્યું હતું કે આયોગ ૩ શહેરોમાં તથા ૧૨ જીલ્લાઓમાં આ પ્રકારની શિબિરનું આયોજન કરી ચૂકી છે. સમાજની પીડિત, ત્યકતા, છૂટાછેડા, બળાત્કાર, શારીરિક માનસિક ત્રાસ કે અન્ય કોઈપણ પ્રકારના અત્યાચારમાં સમાજની કોઈપણ સ્ત્રી મહિલા આયોગને અરજી કરી શકે છે. મહિલાઓના પ્રશ્નોને લગતી દર મહિને લગભગ ૧૦૦ અરજીઓ મળે છે. આવી અરજીઓનું કાઉન્સીલીંગ ધ્વારા મહિલાઓની સમસ્યાઓનું સરળ રીતે નિરાકરણ મહિલા આયોગ ધ્વારા કરવામાં આવે છે. મહિલા સશકિતકરણના અનેક કાર્યક્રમો સરકારશ્રી ધ્વારા હાથ ધરવામાં આવે છે. આવા કાર્યક્રમો અંતર્ગત સ્ત્રીને થતા અન્યાય સામે અવાજ ઉઠાવીશુ તો દરેક પીડિત સ્ત્રી પોતાનુ હૈયુ ખાલી કરી શકશે અને આપઘાત કરવામાંથી પણ બચી જશે તેમ જણાવી શિબિરને સફળતા પાઠવી હતી. સરકારી વકીલ શ્રી નયનભાઈ સુખડવાળાએ શિબિરના હેતુ વિશે ટૂંકમાં સુંદર માહિતી આપી હતી.

**Continue ...**

સમાજમાં ચાલતી કેટલીક માન્યતાઓ, કુરિવાજો, ગેરસમજોને લીધે આઝાદીના છ દસકા વીતી ગયા પછી પણ સમાજમાં અને કુટુંબમાં સ્ત્રીઓ પરની હિંસાનું પ્રમાણ ઘટવાને બદલે દિવસે દિવસે વધી રહયું છે. ૪૦ થી ૬૦ % સ્ત્રીઓ પોતાના જ કુટુંબમાં હિંસાનો ભોગ બને છે. જે સમાજમાં અડધી વસ્તી પોતાના ઘરમાં જ સલામત ન હોય તે સમાજને પ્રગતિશીલ સમાજ કહી શકાય ખરો ? પોતાના કુટુંબમાં હિંસાના ડર વગર રહી શકવાના સ્ત્રીઓના અધિકારને માન્યતા આપતો કૌટુંબિક હિંસા અધિનિયમ ૨૦૦૫ અમલમાં મૂકાયો. આમ સ્ત્રીઓની સમસ્યાઓ અને સામાજીક નિરાકરણના રસ્તાઓ વિષય ઉપર ''અનિસ '' સંસ્થાના પ્રમુખ શ્રીમતી ગીતાબેન શ્રોફે ઉપયોગી માહિતી શ્રોતાઓને પૂરી પાડી હતી.

જાતીય સતામણી સામે મહિલાઓ માટે રક્ષણના કાયદાઓ, પી એન્ડ ડી ટી એકટ માટેની જોગવાઈઓ, ભરણ પોષણનો કાયદો અને તેની સમજ, સ્ત્રીની સમસ્યાઓ અને તેના ઉપાયો બાબતે સરકારે રચેલ વિવિધ કેન્દ્રો અને સામાજીક સંસ્થાઓની માહિતી, વ્યવસાયિક ક્ષેત્રે થતી જાતીય સતામણી અંગેની કાયદાકીય સમજ, સ્ત્રી ધન અને રક્ષણ, સ્થાવર તથા જંગમ મિલ્કતોમાં સ્ત્રીઓના હકકો વિશે સરકારી વકીલ શ્રી કિશોરભાઈ રેવલીયાએ કાયદાની વિવિધ કલમો અંગે સુંદર સમજ આપી હતી.

પરદેશ રહેતી ભારતીય મહિલાઓને થતી કનડગતો અને લેવાની થતી કાળજીઓ જેવી કે લગ્ન અંગેની તકેદારીઓ,  કાયદેસર પધ્ધતિથી લગ્ન, લગ્નની નોંધણી, સ્ત્રી ધન અને રક્ષણ, સ્થાવર અને જંગમ મિલ્કતના હકકો બાબતે, બાળકોના હકકો બાબતે, લગ્નના હકકો, પુનઃ સ્થાપન અંગે, લગ્ન વિચ્છેદ વખતે ભરણપોષણ વિગેરેની સમજ, મહિલાઓને લગતા કાયદાઓ જેવા કે હિંદુ મેરેજ એકટ, બાળ લગ્નનો કાયદો, ભરણપોષણ અંગેનો કાયદાઓ ઉપર એડવોકેટ શ્રીમતી પ્રિતીબેન જોષીએ માહિતીપ્રદ વકતવ્ય આપ્યુ હતું.

કુટુંબમાં થતી ઘરેલુ હિંસા અંગે વિશેષ છણાવટ કરતા અમદાવાદના એડવોકેટ શ્રીમતી હીનાબેન દેસાઈએ જણાવ્યુ હતું કે આપણા દેશમાં વર્ષો સુધી સ્ત્રીઓના અત્યાચાર અંગે કોઈ ખાસ કાયદો ન હતો. સ્ત્રીઓને સળગાવી દેવાના કે આત્મહત્યા તરફ ધકેલવાના અને અપમૃત્યુના બનાવો વધતા જતા હતા તેની સામે નારી આંદોલનના સતત પ્રયત્નો બાદ ૧૯૮૪ માં પ્રથમ વખત સાસરિયાઓ ધ્વારા પરિણીત સ્ત્રીઓ પર થતી શારિરીક માનસિક હિંસાને ફોજદારી કાયદાની કલમ ૪૯૮–એ મુજબ ગુનો ગણવામાં આવ્યો. તે વિશે તથા આ અંગે કલમ ૪૯૮–ક અને કલમ–૩૭૬ અંગેની સમજ, તેનો થતો ઉપયોગ અને દુરૂપયોગ વિગેરે બાબતોની શિબીરાર્થીઓને માહિતગાર કરાયા હતા.

ડે.મેયર શ્રી કિશોરભાઈ કાનાણીએ આ શિબિરને શુભેચ્છાઓ વ્યકત કરી પીડિત મહિલાઓના માર્ગદર્શક બનવા તમામ મહિલા પ્રતિનિધિઓને અંગૂલિનિર્દેશ કર્યો હતો જયારે સમારોહની આભારવિધિ શ્રીમતી રેણુકાબેન પટેલે કરી હતી.

TOP